### કામધેનુ યુનિવર્સિટી દ્વારા બે દિવસીય રાષ્ટ્રીય શિબિર યોજાઈ

# રાજ્યમાં નવી વેટરનરી કોલેજ શરૂ કરવા માટે પશુપાલન મંત્રીનું સૂચન

## ભેળસેળિયું દૂધ કેન્દ્રથી જ અટકાવી શકાય તેવા માપદંડો નક્કી કરવા અનુરોધ




। ગાંધીનગર ।

પશુપાલન અને ડેરી વિજ્ઞાનનો રાષ્ટ્રના વિકાસમાં બહુ મુલ્ય ફાળો હોવાથી રાજ્યમાં નવી વેટેનરી કોલજ શરૂ કરવાનું સુચન રાજ્યના પશુપાલન મંત્રી કુંવરજી બાવળીયા દ્વારા કરવામાં આવ્યું હતું અને તે માટે સરકાર તરફથી પુરતો સહકાર મળી રહે તેની તેમણે ખાતરી આપી હતી. કામધેનું યુનિવર્સિટી દ્વારા બ્રોડ સબજેક્ટ મેટર એરિયા અંતર્ગત બે દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળા યોજવામાં આવી હતી. જેમાં ઉક્ત સુચન મંત્રી દ્વારા કરાયું હતું. તેઓએ સ્વચ્છ દુધ ઉત્પાદન પર ભાર મુક્યો હતો અને ભેળસેળયુક્ત દુધને ડેરી કેન્દ્રથી જ અટકાવી શકાય તે માટેના યોગ્ય માપદંડો નક્કી કરવા અનુરોધ કર્યો હતો.

કૃષિ વિભાગના અનુસ્નાતક અને પીએચડી અભ્યાક્રમની રાષ્ટ્રીય સ્તરે એક સુત્રતા જળવાય, અભ્યાસક્રમમાં સુધારો થાય તે હેતુથી કામધેન યુનિવર્સિટી દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ-બ્રોડ સબજેક્ટ મેટર એરિયા સમિતિની રાષ્ટ્રીય કક્ષાની બે દિવસીય શિબરનું ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભના અધ્યક્ષ કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડો. પી. એચ.વાટલિયાએ યુનિવર્સિટીના વિકાસનો વૈજ્ઞાનિકોને પરિચય આપ્યો હતો. આ વર્કશોપમાં દક્ષિણ ભારતની વેટરીનરી કોલેજો તથા યુનિવર્સિટીના પ્રખ્યાત વૈજ્ઞાનિકો અને પ્રાધ્યાપકોએ પણ ભાગ લીધો હતો. ઉપરાંત ગુજરાત રાજ્ય પશુપાલન વિભાગ, એનડીડીબી, સાબરમતી આશ્રમ ગૌશાળા, વિવિધ ડેરી, ફાર્માસ્યુટીકલ કંપનીઓ, ખાનગી પશુ દવાખાના, એનજીઓ વગેરેના ૫૪ જેટલા પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આણંદ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન સી પટેલ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના ડૉ. એ આર પાઠક મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. તેઓએ વેટરનરી ક્લીનીકલ સાયન્સના વિષયોના અભ્યાસક્રમ રિવિઝનમાં પ્રેક્ટીકલ જ્ઞાનને વધારે પ્રાધાન્ય આપવા કહ્યું હતું. પ્રેક્ટીકલ જ્ઞાનના નવા આયામો રોબોટીક સર્જરી, આર્ટીફીસ્યલ ઈન્ટેલીજન્સ અને સુયોગ ડ્રગ્સ ફોર્મ્યુલેશનને નવા અભ્યાસક્રમમાં મહત્વ આપવા જણાવ્યું હતું.